



સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર સુરક્ષા સેતુ આયોજિત નવરાત્રી મહોત્સવ-૨૦૧૮માં મંગળવારે પ્રખ્યાત ગાયક નવીન લીમ્બાચીયાએ ખેલૈયાઓ મન ભરીને ગરબે ઘુમાવ્યા હતા. બીજી તરફ શહેરીજનો માટે સિદ્દી ધમાલ નૃત્યુ રજુ કરવામાં આવ્યું હતું જે નૃત્યુમાં અજીબ કરતબો ઉપસ્થિત ખેલૈયાઓ અને શહેરજનોનું આકર્ષણ બન્યું હતું. શહેરના મોતીપુરામાં રમઝટ-૨૦૧૮ અને તાલ ૨૦૧૮ અંતગત પાર્ટી પ્લોટમાં ખેલૈયાઓ આકર્ષક અદાઓમાં ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબે ઘૂમ્યા હતા.

# ભઈજીપુરા પાસે કારની ટકકરે બાઈકચાલક યુવાનનું મૃત્યુ

અમદાવાદની બીએસસી કોલેજમાં અભ્યાસ કરતો એક યુવાન વહેલી સવારે તેનું બાઈક લઈને ગાંધીનગર-ઈન્દિરાબ્રીજ રોડ પર ભઈજીપુરા પાટીયા પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે વહેલી સવારે બેફામ ગતિએ જતી આઈ-૨૦ કારના ચાલકે બાઈકને અડફેટે લઈ લેતા ગંભીર રીતે ઘવાયેલા બાઈકચાલક યુવાનનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. ઈન્ફોસીટી પોલીસે પિતરાઈ ભાઈની ફરિયાદ આધારે કાર ચાલક સામે કારના નંબર આધારે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ ખાતે આવેલા આસોપાલવ એપાર્ટમેન્ટમાં રહેતા ઉદયભાઈ રાજુભાઈ ગામેતીએ ઈન્ફોસીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ઉદયભાઈના કાકાનો દિકરો (પિતરાઈ ભાઈ) ધવલ ભરતભાઈ ગામેતી અમદાવાદ રાણીપ ખાતે રહે છે અને વહેલી સવારે પોણા ચાર વાગ્યાના અરસામાં બાઈક લઈને ગાંધીનગર તરફ આવી રહ્યો હતો. ભાઈજીપુરા પાટીયા પાસે બાઈક પહોંચ્યુ ત્યારે તેના બાઈકને કોબા તરફથી આવી રહેલી એમ.એચ. ૪૩ બીજી ૯૨૩૧ નંબરની આઈ-૨૦ કારે જબરદસ્ત ટકકર મારી હતી. આ માર્ગ અકસ્માતથી બાઈકચાલક ધવલ ફંગોળાઈને પટકાયો હતો. જેમાં ધવલને ગંભીર ઈજાઓ થતા બનાવ સ્થળ પર જ તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ઘટનાની જાણ ઈન્ફોસીટી પોલીસને થતા પોલીસે ઉદયભાઈની ફરિયાદ આધારે કાર ચાલક સામે ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી ગુનાની વધુ તપાસ આરંભી છે.



## અરવલ્લી જિલ્લા દિવ્યાંગ ખેલ મહાકુંભ મોડાસામાં યોજાયો

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર ધી મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત મોડાસા જેબી શાહ ઈંગલિશ મીડીયમ સ્કૂલના મેદાનમાં અરવલ્લી જીલ્લાના દિવ્યાંગ રમતવીરો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીલ્લાના ૩૫૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. વિજેતા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જીલ્લા રમત-ગમત અધિકારી જયા બેન ખાંટના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. દિવ્યાંગ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા દેવરાજધામના મહંત ધનગીરી મહરાજ, નિલેશ જોશી, જીલ્લા સર્વ શિક્ષા આઈડી કો-ઓર્ડીનેટર અમિત કવિ, અરવલ્લી ફિઝીકલી હેન્ડીકેપ સંસ્થાના વિનોદ પટેલ અને નિધિ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસાના ડુગરવાડા ગામે નવીન શૈક્ષણિક સંકુલનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા.૧૬

અરવલ્લી જિલ્લામાં મોડાસા નજીક મોડાસાના ડુગરવાડાની આર.એસ. પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલયના નવા



ડુગરવાડા ગામે નવીન શૈક્ષણિક સંકુલનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત સાંસદ, દાતાઓ, આગેવાનો સહિત મહાનુભવોનું સંચાલક મંડળે સન્માન કર્યું હતું. શૈક્ષણિક સંકુલનો ઉદઘાટન સમારોહ મુખ્યદાતા આર.એસ. પટેલની ઉપસ્થિતીમાં અને સાબરકાંઠા સાંસદ દીપસિંહ રાઠોડ, પૂર્વ કલેકટર બી.એચ. ઘોડાસરાની ઉપસ્થિતીમાં યોજાયો હતો. જેમાં સરસ્વતી ધામ માટે દાતાઓએ શિક્ષણ માટે દાનની સરવાણી વહાવી હતી.

ગામનું ગૌરવ દાતાઓએ રૂ. ૫૦ લાખનું દાન આપી શિક્ષણક્ષેત્ર માટેની ઉમદા ભાવનાની ઝાંખી કરાવી હતી. સાંસદ દીપસિંહ રાઠોડે રૂ. ૩.૫ લાખ અને શાળાના મુખ્યદાતા અજયભાઈ કડકિયાએ રૂ.૨.૫૧ લાખનું દાનની જાહેરાત કરી હતી. આ પ્રસંગે પૂર્વ શિક્ષણ મંત્રી ડો. કરસનદાસ સોનેરી, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે કેળવણી મંડળના પ્રમુખ સંજયભાઈ પટેલ, મંત્રી અમૃતભાઈ, કારોબારી સભ્યો તથા આચાર્ય ચેતનભાઈ તેમજ શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

# કાંકરેજ તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતની ચૂંટણી ૨૨ નવેમ્બરે યોજાશે

કાંકરેજ, તા. ૧૭

કાંકરેજ તાલુકાના વડા ગ્રામ પંચાયતમાં ત્રણ વોર્ડ સભ્યોની ચૂંટણી યોજાશે. જયારે ઠાકોરવાસમાં બે સરપંચ ઉમેદવાર વચ્ચે રસાકસીભર્યો જંગ જામશે અને અટુંબીયા વાસમા ચાર સરપંચો ચૂંટણી લડી રહ્યા છે ત્યારે જોરશોરથી પ્રચાર પ્રસાર શરૂ થઈ ગયા છે અને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ઠાકોરવાસના સરપંચ ઉમેદવાર ખાખલેચા ઈશાબેન જીવણજી ઘડાના નિશાન ઉપર ચૂંટણી લડી રહ્યા છે. તેમના મતવિસ્તારમાં ડોર ટુ ડોર ચુંટણી પ્રચાર માટે તેમના ટેકેદારોએ શરૂ કરી દીધો છે અને તારીખ ૨૨/૧૦/૨૦૧૮ના રોજ સવારે આઠ વાગ્યેથી મતદાર શરૂ થઈ સાંજના પાંચ વાગ્યા સુધી મતદાર યોજાશે. જેમાં ઠાકોર વાસના ત્રણ બુથ એકજ જગ્યાએ રાખવામાં આવ્યા છે જે ખાનપુરા પ્રાથમિક શાળામાં મતદાર મથક ઉપરચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવશે અને મતદારો પોતાનું મતદાન કરી હરીફ ઉમેદવાર તરીકે હાઉબેન ઉણેચાને હંફાવશે. જોકે ઈશાબેન જીવણજી ખાખલેચાનો ચૂંટણી દરમિયાન જોગણી માતાજીના મંદિરે દર્શન કરી શ્રી ગણેશ કર્યા



હતા. ત્યારેખાનપુરા ઉજમજી મેવાજી, ભૂપતાજી સુરણીયા, તરસંગજી ખાનાજી, હેમજીજી નેમાજી વાલાજી જોગાજી રાવતાજી તેમજ કાંકરેજના પૂર્વ ધારાસભ્ય ધારસિંહભાઈ ખાનપુરાની પેનલ ચૂંટણી પ્રચાર માટે નીકળી પડ્યા છે અને સમગ્ર કાંકરેજ તાલુકાની નજર વડા ઠાકોર વાસ ઉપર કેન્દ્રિત છે ત્યારે વડા ઠાકોરવાસની ચૂંટણી દરમિયાન ખરાખરીનો જંગ ખેલાશે ત્યારે એક બીજા ઉમેદવાર તરીકે આકાશ પાતાળ એક કરી વિજય પ્રાપ્ત કરવા માટે મતદારોને રિઝવવા માટે સગાસબધી અને સામાજિક આગેવાનોનો સહારો લઈ ચૂંટણી પ્રચાર પ્રસાર શરૂ થઈ ગયા છે અને થોડા સમય પહેલાં અલગ પડેલી ગ્રામ પંચાયતમાં કેવામાહોલ સાથે ચૂંટણી જંગ જામશે એતો આવનાર સમય બતાવશે આમ ત્રણ ગ્રામ પંચાયતની ચૂંટણી માટે ઠાકોર વાસ ગ્રામ પંચાયતમાં બે સરપંચ ઉમેદવાર અને અટુંબીયા વાસમાં ચાર સરપંચ ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા છે અને વડા ગ્રામ પંચાયતમાં વોર્ડ સભ્યો ત્રણ ચૂંટણી પ્રચાર પ્રસાર કરી પોતાની મેળે હારજીતની બાજી લગાવી દીધી છે. ચૂંટણી અધિકારી બી. એમ. જોષી સર્કલ ઓફિસર થરાની રાહબારી હેઠળ ચૂંટણી યોજાશે. કાંકરેજ તાલુકાના (૧) વડા ગ્રામ પંચાયત (૨) ઠાકોર વાસ ગ્રામ પંચાયત (૩) અટુંબીયા વાસ ગ્રામ પંચાયત એમ કુલ ત્રણ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ ૨૨ નવેમ્બરે યોજાશે. ત્રણેય ગ્રામ પંચાયતની ચૂંટણી દરમિયાન લોકોમા સુખ શાંતિ જાળવવા માટે તેમજ ઈમાનદારી સાથે મતદાર યાદીમાં નામ જોઈ તપાસી મતદાન મથક ઉપર ઉમેદવારના એજન્ટની નજરમાં કરવામાં આવશે અને મતદારોમા અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો ત્યારે હવે કોણ બનશે બાદશાહ ઈશાબેન ખાખલેચા વડા ઠાકોર વાસના સરપંચ ઉમેદવારના પતિદેવ ગ્રેજ્યુએટ હોવાથી તેમનું મતદારોમા સારું પ્રભુત્વ જોવા મળ્યું હતું અને મતદારોનો મિજાજ મીડિયાએ જાણવાની કોશિશ કરી હતી.

# ચિલોડા-હિંમતનગર માર્ગ પર ધણપ પાસે ટેન્કર આગમાં લપેટાયું

ગાંધીનગર તાલુકાના ચિલોડા-હિંમતનગર હાઈવે-૮ પર આવેલા મહુન્દ્રા-ધણપ માર્ગ નજીક હિંમતનગર તરફથી આવતી ટેન્કરના ટાયરમાં ઓછી હવાને લીધે ટાયર ગરમ થતાં અચાનક આગમાં લપેટાતાં હાઈવે પર પસાર થતા વાહનોના પૈડા થંભી ગયા હતા.

હિંમતનગર તરફથી રાજસ્થાન બિજોરીયા કોટા તરફથી ડામર ભરીને આવતુ ટેન્કર નં. જી.જે.૦૬.એ.વી.૫૪૪૫ નિમેશ ટ્રાન્સપોર્ટનું પીપાવાવ મહુન્દ્રા-ધણપ માર્ગ પરથી પસાર થઈ રહ્યું હતું ત્યારે ટેન્કરના પાછળ પૈડાના ટાયરમાં હવા ઓછી હોવાથી ટાયર ગરમ તાં આગ લાગી હતી. ત્યારે ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ થતાં ટેન્કર પર પાણીનો સખત મારો ચલાવી આગ કાબુમાં લીધી હતી. ટેન્કરનો ચાલક મુસ્તાક નીચે ઉતરી ગયો હતો. આમ આગ લાગતાં કોઈ જાનહાની થવા પામી ન હોતી. પરંતુ ટેન્કરને ભારે નુકશાન થવા પામ્યુ હતુ. આમ ટેન્કરને આગ લાગતા ઘટનાસ્થળે ટ્રાફિક પોલીસ દોડી આવી ધણપ પાટિયાથી અન્ય વાહનોને ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું. ટેન્કરને આગનો કોલ મળતાં પ્રાંતિજ નગરપાલિકાની ફાયરબ્રિગેડ ટીમ આવી પહોંચી હતી.

# કોન્ટ્રાકટ પર ટ્રક લેવડાવીને ટ્રાન્સપોર્ટરે ટ્રક માલીકનો ચુનો ચોપડયો

ગાંધીનગર, તા.૧૭

અડાલજ હુડકો વિસ્તારમાં રહેતા રેખાબેન ચંદ્રેશભાઈ મકવાણાના નામે તેણીના પતિની ટ્રક છે. આ ટ્રકને એક ટ્રાન્સપોર્ટર કરણ હર્ષદભાઈ સોની નામના શખ્સે કોન્ટ્રાકટ પર લઈને દર મહિને ૩૦ હજાર રૂપિયા આપવાની વાત કરી હતી. મહિનાઓ વિત્યા પછી પણ રૂપિયા ખાતામાં જમા ન થતા ઉઘરાણી કરી તો હવે ટ્રક પણ પરત આપવામાં આનાકાની કરતા ટ્રાન્સપોર્ટર સામે અડાલજ પોલીસ મથકમાં ગુનો દાખલ થવા પામ્યો છે. આ શખ્સે અન્ય ઘણા શખ્સોના ટ્રક આવી રીતે પચાવી પાડયા હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. અડાલજ પોલીસે ટ્રાન્સપોર્ટર સામે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરુ કરી છે.

## રાજીનામું

● અનુસંધાન પહેલાનું ચાલુ

મી ટુ ઝુંબેશ હેઠળ તેમની સામે અનેક મહિલાઓએ આક્ષેપો કર્યા હતા. આ પહેલા રવિવારના દિવસે સત્તાવાર વિદેશ પ્રવાસથી પરત ફરતી વેળા અકબરે નિવેદન જારી કરીને આક્ષેપો ઉપર પોતાનું વલણ સ્પષ્ટ કર્યુ હતું. આરોપોને આધારવગરના ગણાવ્યા હતા. સાથે સાથે પોતાના ઈરાદા પણ સ્પષ્ટ કર્યા હતા. અકબરે આરોપ મુકનાર પત્રકાર પ્રિયા રામાણીની સામે દિલ્હીની એક કોર્ટમાં માનહાનિનો કેસ પણ કર્યો છે. પ્રિયા રામાણીએ અકબરના રાજીનામાને લઈને ખુશી વ્યક્ત કર છે. રામાણીએ ટ્વિટ કરીને કહ્યું છે કે, એક મહિલા હોવાની રીતે એમજે અકબરના રાજીનામાથી તેમને ખુશી થઈ છે.

## ભારે તંગદીલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

તંગદિલીપૂર્ણ સ્થિતિ સર્જાઈ ગઈ હતી. અયપ્પાના શ્રદ્ધાળુઓએ મહિલાઓના પ્રવેશને રોકવાના પ્રયાસ કર્યા હતા. જોરદાર ઝપાઝપી થઈ હતી. ઘણાને ઈજા પણ થઈ હતી. ભાજપ, આરએસએસ, કોંગ્રેસ અને હિન્દુ સંગઠનોએ સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે નારાજગી વ્યક્ત કરી છે. સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ ઉપર પ્રતિબંધને ઉઠાવી લેવાના સુપ્રીમ કોર્ટના આદેશ સામે ભાજપ અને સંઘ તથા કોંગ્રેસના લોકો મેદાનમાં ઉતરેલા છે. સબરીમાલા મંદિરમાં ૧૦થી ૫૦ વર્ષની વયની મહિલાઓ અને યુવતીઓના પ્રવેશનો વિરોધ કરી રહેલા દેખાવકારોને દૂર કરવા માટે પોલીસે બળપ્રયોગ કરવાની ફરજ પડી હતી જેના પરિણામ સ્વરુપે મંદિર તરફ દોરી જતાં મુખ્ય રસ્તા નિલક્કલમાં સ્થિતિ વણસી ગઈ હતી. દેખાવકારોએ મિડિયા અને પોલીસના વાહનો ઉપર પથ્થરમારો કર્યો હતો. નિલક્કલ અને પંબામાં સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશની મંજુરીનો વિરોધ કરી રહેલા ત્રાવણકોર દેવાસન બોર્ડના પૂર્વ અધ્યક્ષ સહિત ૫૦ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. સબરીમાલા પહાડીથી આશરે ૨૦ કિલોમીટરના અંતરે નિલક્કલમાં મોટી સંખ્યામાં તૈનાત કરવામાં આવેલા પોલીસ કર્મીઓએ મહિલાઓના પ્રવેશની સામે દેખાવ કરી રહેલા લોકોને રોકવાના પ્રયાસ કર્યા હતા. સાથે સાથે કેટલાક પંડાળો દૂર કરવામાં આવ્યા હતા. મંદિર તરફ દોરી જતાં માર્ગમાંથી ૧૦થી ૫૦ વર્ષની મહિલાઓને પરત મોકલી દેવામાં આવી હતી. સ્થિતિ બેકાબૂ ન થાય તે માટે પોલીસે પણ સાવધાનપૂર્વકનું વલણ અપનાવ્યું હતું.

## મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલું

કપાળની કરચલીઓમાં કંકુના ચાંદલાના સૂકા કણ બની હું પુરાયો નથી. એમના બોખા મોંના અવકાશમાં વિરાટરૂપદર્શન કરવા માટે મેં મારી દ્રષ્ટિ સ્થિર કરી નથી. એમની ખાદીની ચાદર પરના ચોખ્ખા થીંગડામાં બખિયાનો પાતળો દોરો બની હું ગૂંથાયો નથી. એમની સહજ નમી ગયેલી કમ્મરે લટકતી ઘડિયાળના ચગદામાં સમયની રેતી થઈને હું ઝરીયો નથી. એમના સાંઠીકડા જેવા કાળા ખુલ્લા પગ નીચે નોઆખલીના ડાંગરના ખેતરની સૂકીભઠ્ઠ કાયા બનીને હું ખુંદાયો નથી. એમની સાયંપ્રાર્થનાના સ્વર બનીને મેં ઘટ્ટ હવાના પડના કાળજાને વીંધ્યું નથી. એમના રેંટિયાના તારની જાડાઈમાં મારું ટેરિલીનનું શર્ટ ચૂંથાયું નથી એમની સાબરમતી અને વર્ધાની કુટીરોએ મારા એરકંડિશનને ગરમ કર્યું નથી. દાંડીના સમુદ્રકાંઠે એમણે ઊંચકેલા ચપટી મીઠાની નિખાલસ સફેદીમાં મારા મગરનાં અશ્રુની ખારાશ ભળી નથી. એમની ઝીણી, ધીમી વાણી મારી ચૂંટણીસભાના લાઉડસ્પીકરિયા પડઘાઓને અવરુધ્ધ કરી શકી નથી. બિરલા હાઉસની લોન પર પહોંચતાં એમનાં ચરણોમાં મારા અસ્તિત્વે પડતું મૂક્યું નથી. એમની છાતીની પાંસળિયોના માળામાં ખૂંપેલી ત્રણ ગોળીના સીસાના ઉજાસમાં મેં મારું પ્રતિબિંબ જોયું નથી. રિવોલ્વરના ટ્રીગર પર ટેકાવાયેલી માંસલ આંગળીના તીણા નહોરને મેં કોઈ નેઈલકટર વડે કાપ્યા નથી. લાલઘૂમ લોહીના એક સનાતન રેલામાં હું કાળી કીડી બનીને તણાયો નથી. મેં ગાંધીજીને જોયા નથી. કદાચ કોઈએ..

- ભગવતીકુમાર શમા

## લાગણીનો મેળો

● ચોથા પાનાનું ચાલું

● જયારે હું શાળાએ ગયો, બાલમંદિરમાં મારો હાથ પકડીને એકડો ઘૂંટવનાર કોઈ સ્ત્રી હતી - શિક્ષક.

● જયારે જીવનમાં એકલાપણું સાલવા લાગ્યું, મારે પણ કોઈ જીવનસાથી હોય તો ? જે મને પ્રેમ કરે અને મારા જીવનમાં ખુશીના રંગો પૂરે એવું લાગ્યું ત્યારે પણ તે રંગ પૂરનાર સ્ત્રી હતી - પત્ની.

● જયારે નોકરી ધંધાના ટેન્શનથી ગુસ્સે થઈ જતો ત્યારે મને શાંત કરી દિલાસો આપનાર કોઈ સ્ત્રી હતી - પુત્રીય

● જયારે મારું મૃત્યુ થશે, ત્યારે પણ મને એના ઉદરમાં સમાનવનાર કોઈ સ્ત્રી હશે - મા ભોમ, માતૃભૂમિ

દુનિયાનો સૌથી ખરાબ વ્યક્તિ પણ જો આટલું વિચારશે, તો તેના દિલમાં પણ સાતમે પડદે એક વાર તો 'સ્ત્રી' તરફ આદરભાવ નિર્માણ થશે જ.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

## પહેલું સુખ....

● ચોથા પાનાનું ચાલું

કરવો. કડુનો શેકીને ઉપયોગ કરવો. બીજુ ઔષધ છે કરિયાતું. આ પણ શ્રેષ્ઠ બિટર ટોનિક છે. સંસ્કૃતમાં તેને 'કિરાતતિક્ત' કે 'ભૂનિમ્બ' કહે છે. તાવ, શરદી-ઉધરસ, શરીરની નબળાઈ, ઈંફેક્શન, કૃમિ આદિમાં કરિયાતું શ્રેષ્ઠ છે. કરિયાતું શરીરના સોજા ઉતારવામાં પણ મદદરૂપ છે. કરિયાતું તાવનું ઉત્તમ ઔષધ છે. શરીરની ઈમ્યુનીટી વધારે છે. શરીરનું પિત્ત ઘટાડે છે. રક્તિપત્ત કે શરીરનાં કોઈ પણ ભાગમાંથી રક્તસ્રાવ થતો હોય તેને રોકે છે. ત્વચાવિકારોમાં હિતકર છે. આમ કડુ અને કરિયાતું, બન્ને ઔષધો અતિગુણકારી અને શરીર માટે હિતકર છે. અને કદાચ એટલા માટે જ આપણે ત્યાં આનુ નિયમીત સેવન કરવાનો રિવાજ છે. આ નવરાત્રિ દરમિયાન થયેલ ઈન્ફેકશનમાં કાળું-કરીયાતુંનું નિયમિત સેવન કરવાથી ચોક્કસથી ફાયદો થશે જ.

- drkedarju@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ